Sandesh (Suppl.: Citylife)

EDII

July 5, 2024
Pg.2

# MSME સેક્ટરને લઈને પોલિસી મેકર અને ઇન્ડસ્ટ્રી વચ્ચે પેનલ ડિસ્કશન યોજાયું

સિટી લાઈફ । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) અમદાવાદ દ્વારા ઈન્ટરનેશનલ માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) દિવસની ઉજવણીના ભાગરૂપે 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એન્ડ ઈનોવેશન' પર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગસાહસિકો અને સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઓનલાઈન મોડ દ્વારા કેમ્પસમાં અને સમગ્ર દેશમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ન્યૂ દિલ્હી એમએસએમઈ બોર્ડના સલાહકાર તેમજ પેનલિસ્ટ શૈલેષ પટવારી, પ્રદીપ ઓઝા, સંયુક્ત નિયામક, MSME ડેવલોપમેન્ટ ફેશન ઓફિસ વિકાસ સુવિધા કાર્યાલય (DFO), વાસા ફાર્માકેમ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને એમડી અને ગુજરાત કેમિકલ એસોસિયેશન અને ગુજરાત ફાર્માસ્યૂટિકલ એસોસિયેશનના પ્રેસિડેન્ટ ડૉ. જૈમિન વસા, ચમન સલુજા, સહ-સ્થાપક, નાપબુક લિમિટેડ, જાણીતા ઈ-કોમર્સ પોર્ટલના પ્રતિનિધિ અને ડૉ. સુનીલ શુક્લા - ડાયરેક્ટર જનરલ, EDII ઉપસ્થિત રહ્યાં હતાં. એમએસએમઈ દિવસની થીમ 'બિલ્ડિંગ અ સ્ટ્રોંગર ફ્યુચર ટુ ગેધર' અનુરૂપ હતી. આ કાર્યક્રમમાં 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એન્ડ ઈનોવેશન : અનલોકિંગ ધ ઓપોર્ચ્યૂનિટીઝ ફોર એમએસએમઈ' વિષય પર પેનલ ડિસ્કશન યોજાયું હતું. જેમાં પોલિસી મેકર, ઈન્ડસ્ટ્રી એક્સ્પર્ટ, વિવિધ ક્ષેત્રોના લીડર્સનો સમાવેશ થાય છે, જેમણે તેમની આંતરદૃષ્ટિ અને અનુભવો શેર કર્યા હતા કે, કેવી રીતે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એમએસએમઈને તેમનાં વિકાસને આગળ વધારવામાં મદદ કરી શકે છે અને કેવી રીતે નવીનતા ડિજિટલ તકનીકોની સંભવિતતાનો ઉપયોગ કરી શકે છે.